Saarth E-Journal

Saarth E-Journal of Research

E-mail: sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO: 2395-339X
Peer Reviewed
Vol.8, Issue.3 No.25

Impact Factor: 6.89
Quarterly
July to Sept. - 2023

# મોબાઈલ ફોન વરદાન કે અભિશાપ

ડૉ. પરવીનબેન એફ. મનસૂરી

## પ્રસ્તાવના:-

વિજ્ઞાનની અનેક શોધોમાં મોબાઇલ એક અનોખી શોધ છે જેનો ઉપયોગ આજે નાના બાળકોથી લઈ યુવાનો, વૃદ્ધો અને અમીર-ગરીબ વર્ગના બધા લોકો કરે છે મોબાઇલ આજના સમયમાં આપણા જીવનનો એક અભિન્ન અંગ બની ગયુ છે. દરેક વ્યક્તિનો દિવસ મોબાઇલ જોવાની સાથે શરૂ થાય છે અને દિવસનો અંત રાત્રે મોબાઇલનો ઉપયોગ કરીને મુકવાથી થાય છે. માણસ આજે મોબાઇલ ઉપર એટલો નિર્ધારીત થઇ ગયો છે કે એક દિવસ પણ મોબાઇલ વિના વિચારી શકતો નથી. ઘરની બહાર નિકળે તો એક વખત પર્સ વીના કે એક દિવસ જમ્યા વિના ચલાવી શકે છે  પરંતુ મોબાઇલ વિના ચલાવી શકતો નથી. એક નાનકડા મોબાઈલમાં માણસની જીંદગી કેદ થઇ ગઇ છે એવુ કહયે તો અતિશયોક્તિ નથી. મોબાઇલ દ્વારા આજે આપણે કોઇ પણ વ્યક્તિ દુનિયાના કોઇ પણ છેડે બેઠો હોય તેની સાથે વાત-ચીત, મેસેજ, વીડિયો ફોન કે માહિતીનું આદાન-પ્રદાન કરી શકિએ છે. મોબાઈલના કારણે આજના માનવનું જીવન સરળ બની ગયુ છે કારણ કે આજે બધી જ પ્રકારની માહિતી આંગળીના ટેરવે મળી જાય છે.

## મોબાઈલ ફોન નો ઈતિહાસ:-

આપણે રાજા રજવાડા અને પહેલાના સમયની અનેક વાર્તાઓ સાંભળી છે કે કબૂતર દ્વારા કે કોઇ દૂત દ્વારા સંદેશા પહોચાડવામાં આવતા હતા ત્યારબાદ ટપાલ સેવાનો વિકાસ થવાથી કબૂતરનું સ્થાન ટપાલી એ લઇ લીધુ પરંતુ આ બધા પકારની સુવિધામાં ઘણો સમય લાગી જતો હતો તથા તેની કેટલીક મર્યાદા પણ હતી સમયના સાથે ટેકનોલોજીનો વિકાસ થયો અને જન્મ થયો ``ટેલીફોનનો''. ટેલિફોનની શોધ સૌપ્રથમ એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલ કરી હતી. ટેલીફોન થી એક-બીજા સાથે વાત થઇ શકતી પરંતુ તે એક જ જગ્યાએ રહી શકતો તેને લઇને ફરી શકાતુ નહી ટેલીફોન સહિત ઘણા બધા ડીવાઇઝની આ જ મર્યાદાએ વાયરલેસ ટેકનોલોજી શોધવા માટે વૈજ્ઞાનિકોને પ્રયત્ન કરવા મજબૂર કર્યા અને ફળ સ્વરૂપ વાયરલેસ ટેકનોલોજીવાળા મોબાઇલ ફોનનો આવિષ્કાર થયો. શરૂઆતમાં તે વાતચીત કરવા પૂરતો તેનો ઉપયોગ થતો પરંતુ જેમ-જેમ ટેકનોલોજીના વિકાસ થતો ગયો એમ નવા અપડેટ સાથે મોબાઇલએ સ્માર્ટફોનનું સ્વરૂપ ધારણ કરી લીધુ. આજે મોબાઇલ દ્વારા નાના-મોટા કામ સરળતાથી થઇ શકે છે અને કેટલીક વાર તો કોમ્પ્યુટર ની ગરજ સારે છે.

## દુનિયાના પ્રથમ મોબાઈલનો આવિષ્કાર

અમેરિકાના એન્જિનિયર માર્ટિન કૂપર એ દુનિયાના પહેલા મોબાઇલને બનાવ્યો હતો. પહેલો મોબાઇલ 3 એપ્રિલ 1973 ના રોજ બનાવવામાં આવ્યો હતો જે મોટોરોલ કંપનીનો હતો. માર્ટિન કૂપર મોટોરોલ કંપનીમાં સને. 1970 મા જોડાયા હતા અને વાયરલેસ ફોનની ક્રાન્તિ લાવવાનું સપનું વિચાર્યુ હતુ જેના સ્વરૂપે દુનિયાના પહેલા મોબાઇલનો આવિકાર થયો. મર્ટિન કૂપરે 3

એપ્રિલ 1973ના દિવસ પોતાના પ્રતિસ્પર્ધી બેલ લેબ્સના ડૉ. જોએલ એસ. એન્જલન ફોન કરીને પ્રથમ મોબાઇલ હેન્ડસેટનું પ્રદર્શન કર્યુ હતુ

**ભારતમાં પહેલીવાર ફોન ક્યારે આવ્યો**

મોટોરોલનો ફોન Dyna TAC 8000x એ ભારતમાં પેહલી વાર તા. 31 જુલાઇ 1995 ના રોજ લોન્ચ કરવામાં આવ્યો હતો. ભારતમાં મોબાઇલ ફોન લાવવા માટેનો પ્રયાસ 1994 માં જ શરૂ થઇ ગયો હતો. અને આ મોબાઇલ સેવા આપવા વાળી ભારતની પહેલી કંપની ભારતના ઉદ્યમી ભુપેન્દ કુમાર મોદીની કંપની `મોદી ટેલ્સ્ટ્રા' હતી. તેમણે આ સેવાનું નામ મોબાઇલનેટ રાખ્યું હતુ. મોટોરોલા ઉપરાંત ભારતમાં નોકીયા ફોન દ્વારા પણ મોબાઇલ સેવા આપવાની પ્રયત્ન કરવામાં આવ્યો હતો

દુનિયામાં જે કોઇ શોધખોળો થાય છે તે સમાજ અને માણસના ભલા માટે, તેની સુખ સગવડો વધારવા માટે થતી હોય છે. જો તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો માણસ માટે ખૂબ ઉપયોગી છે અને વિવેકપૂર્વક ઉપયોગ ન કરવામાં આવે તો તેમાં તે શોધખોળનો દુરૂપયોગ કે માણસ માટે હનિકારક સાબિત થાય છે મોબાઇલ ફોનનું પણ એવુ જ છે. મોબાઇલ એક એવુ સાધન છે જેના ફાયદા અને ગેરફાયદા બને રહેલો છે હવે તે માણસ માટે વરદાનરૂપ સાબિત થાય છે કે અભિશાપ એ માણસ ઉપર આધારિત છે અહિ આપણે મોબાઇલના ફાયદા અને ગ્રેરફાયદા બન્ને જોઇશું

**મોબાઇલના ફાયદા**

થોડા વર્ષો પહેલા લોકો સાદા મોબાઇલનો ઉપયોગ કરતા તેના દ્વારા વાત-ચીત અને મેસેજ કરી શકતા હતા. પરંતુ આજે દરેક વ્યક્તિ પાસે એન્ડ્રોઇડ ફોન એટલે કે સ્માર્ટ ફોન છે જેમાં ઘણા નવા ફીચર્સ જોવા મળે છે. આમ આગળીના ટેરવે બધી જ માહિતી ઘરે બેઠા આપણને મોબાઇલ દ્વારા મળી શકે છે મોબાઇલ ફોને આપણું જીવન સરળ બનાવ્યુ છે. મોબાઇલના ઘણા ફાયદા રહેલા છે જે નીચે મુજબ છે.

**1. એક-બીજાને જોડી રાખે છે**

મોબાઇલ ફોનના કારણે આજે આપણે કોઇ પણ સમયે ગમે ત્યારે કોઇ પણ વ્યક્તિ સાથે વાત-ચીત કરી શક્તિએ છીએ. દુનિયાના કોઇ પણ છેડે રહેલા વ્યક્તિ સાથે વિડિયો ફોન દ્વારા એને જોઇ શકીએ અને વાત કરી શકીએ છીએ આમ મોબાઇલ આપણને આપણા સગા-સંબંધી મિત્રો અને દુનિયા સાથે જોડી રાખે છે.

**2. માહિતીનું આદાન-પ્રદાન**

મોબાઇલ દ્વારા આજે દુનિયાના કોઇ પણ ખૂણામાં માત્ર સેકન્ડોમા માહિતી મોકલી શકાય છે. મોબાઇલના કારણે માહિતીનું આદન-પ્રદાન કરવુ ખૂબ જ સરળ બન્યુ છે અને સમયનો પણ બચાવ થાય છે.

**3. ઓનલાઇન સંચાર-સુવિધા અને મોબાઇલ બેકિંગ**

મોબાઇલ ફોન દ્વારા હવે બસ, ટ્રેન, પ્લેન અને સિનેમાં થિયેટર જેવી વિવિધ સુવિધાઓની ટિકિટ ઘરે બેઠા મોબાઇલ દ્વારા બુકીંગ કરી શકીએ છીએ ગાડી બુકીંગ અને હોટલમાંથી ખાવા મંગાવુ મોબાઇલ દ્વારા શક્ય બન્યુ છે આજે પૈસાની ચૂકવણીમા પણ મોબાઇલ અગત્યની ભૂમિકા ભજવે છે બેકમાં ગયા વિના સેકન્ડોમાં પૈસા મોકલી શકાય છે આજની યુવા પેઢી- ગુગલ પે, ફોન પે જેવી સુવિધાઓ દ્વારા પૈસાની ચૂકવણી કરે છે સરકારી વિવિધ ક્ષેત્રમાં મોબાઇલના કારણે ઓનલાઇન કામ સરળ બન્યુ છે.

**4. મનોરંજન પૂરું પાડે છે**

મોબાઇલ ફોન આજે મનોરંજન પૂરું પાડતુ એક અગત્યનું સાધન બન્યુ છે નાના બાળકોથી લઇ યુવાનો વૃદ્ધો દરેક વર્ગ આજે સંગીત, ફિલ્મો, ટી.વી. સીરયલો, રસોઇ શો, સમાચાર વગેરે માટે મોબાઇલનો ઉપયોગ કરે છે. નવરાશના સમયમાં તો વ્યક્તિ મોબાઇલનો ઉપયોગ કરે છે પરંતુ કામના સમયમાં પણ હડતા થવા માટે મોબાઇલ દ્વારા મનોરંજન મેળવે છે.

**5. શિક્ષણ જ્ઞાન અને જાગૃતતા**

કોરોના સમયે આપણે જોયુ કે ઓનલાઇન વર્ગો દ્વારા બાળકો શિક્ષણ લેતા હતા આજે ઘણા એવા પ્લેટફોર્મ છે જેના દ્વારા બાળકો ઓનલાઇન ભણી શકે છે જેમા મોબાઇલનો મહત્વનો ફાળો છે વિવિધ વિષય પર શિક્ષણ, સંશોધન અંગે જ્ઞાન આપવા અને જાગૃતતા વધારવામાં પણ મોબાઇલનો ફાળો અગત્યનો રહેલા છે મોબાઇલ વિદ્યાર્થીઓ માટે પુસ્તક અને શિક્ષક બન્ને બની રહે છે.

**6. આર્થિક વિકાસ**

મોબાઇલની મદદથી લોકો ઘરે બેઠા પાર્ટ ટાઇમ જોબ કરી શકે છે આજના સમયમાં લોકો મોબાઇલ દ્વારા You tube, Facbook, Instagram જેવા વિવિધ પ્લેટફોર્મ દ્વારા પોતાની આવડત પ્રમાણે લાખો રૂપિયા કમાઇ શકે છે.

**7. સુરક્ષાઃ-**

પહેલાના સમયમાં જ્યારે મોબાઇલ ન હતા ત્યારે જો કોઇ પણ પ્રકારની દુર્ઘટના કે અકસ્માત થતો ત્યારે સમય સર મદદ ન મળે કે પરિચિતો સુધી માહિતી ન પોહેંચે એવુ બનતુ હતુ. આજે મોબાઇલના કારણે થોડીક જ મિનિટોમાં એમ્બ્યુલન્સ, ફાયરબ્રિગેડ, પોલીસ વગેરે સુધી માહિતી પોહચાડીને સુરક્ષા માગી શકીએ છે ફોનના ઉપયોગ થી આજે મહિલાઓ પણ અમુક એપ્સની મદદથી એક બટન દબાવીને જ પોતે ક્યા છે અને મદદની જરૂરીયાત છે એવી માહિતી પોતાના પરિચિતો સુધી પહોચાળી શકે છે મોબાઇલની મદદથી લોકો ખૂબ જ સુરક્ષિત રહે છે જેમા મહિલાઓ ખાસ

**8. માહિતી મેળવવામાં ઉપયોગી**

આજે કોઇ પણ પ્રકારની માહિતી જોઇતી હોય તો મોબાઇલ મા ઇન્ટરનેટનો ઉપયોગ કરી ગુગલમાં સર્ચ કરીને મેળવી શકીએ છે. કોઇ જ એવી માહિતી નથી જે આજે **Google** ઉપર ન મળે. કોઇ નવી જગ્યાએ જઇએ અને સ્થળનો ખ્યાલ ન હોય તો **Google Maps** દ્વારા આપણે તે સ્થળ ઉપર પહોચી શકીએ છીએ.

**9. ઓફિસના કામ માટે ઉપયોગી**

આજકાલ મોબાઇલ ફોનનો ઉપયોગ ઘણા પ્રકારના ઓફિશિયલ કામ માટે થાય છે મીટિંગ શેડ્યૂલ કરવા, દસ્તાવેજો મોકલવા અને પ્રાપ્ત કરવા, પ્રસ્તુતિઓ આપવા, એલાર્મ સેટ કરવા, નોકરીઓ માટે અરજી કરવા વગેરે કામ મોબાઇલ દ્વારા શક્ય બન્યા છે. ઘણી વખત આપણે ઓફિસ ન પહોચી શકિએ તો મોબાઇલ દ્વારા આપણા કામ કરી શકીએ છીએ.

આ સિવાય પણ મોબાઇલ આપણને ઘણી જગ્યાએ ઉપયોગી બની રહે છે.

**મોબાઇલના ગેરફાયદા**

મોબાઇલ એ આ વૈજ્ઞાનિક યુગમાં વિજ્ઞાને આપેલુ સાધન છે જેનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો તે આર્શીવાદ સમાન છે પરંતુ એની કેટલીક આડ અસર કે ગેરફાયદા પણ રહેલા છે જે ઘણી વખત સમસ્યાઓનું કારણ બની રહે છે.

**1. સ્વાસ્થ્ય સંબંધી ચિતાઓ**

મોબાઇલ ફોનના વ્યાપક ઉપયોગે ઇલેક્ટ્રોમેગ્નેટિક રેડિયેશનના આવવાને કારણે સંભવિત સ્વાસ્થ્ય જોખમો અંગે ચિંતા વધારે છે વધારે પડતો મોબાઇલનો ઉપયોગ કરવાથી આંખો શુષ્ક થવા લાગે છે નાની ઉમરે ચશ્મા આવવા, ઊંઘ પૂરી ન થવી, મગજ પર અસર, બ્રેનટ્યુમરનું જોખમ રહે છે તેનાથી યાદશક્તિ પણ નબળી પડી જાય છે રાત્રે મોબાઇલના વધુ ઉપયોગથી મગજ સુધી સિગ્નલ લઇ જતી ઓપ્ટિક તંત્રિકા પર ખરાબ અસર થાય છે જેથી મોતીયાની તકલીફ થઇ શકે છે મોબાઇલનો ઉપયોગ જો સાવચેતી પૂરક કરવામાં ન આવે તો માત્ર આંખો જ નહી શરીરના અન્ય ભાગો પર પણ તેની ખરાબ અસર પડે છે.

**2. ગોપનીયતા પર આક્રમણઃ-**

મોબાઇલ એ આપણો એવો જીગરી દોસ્ત બની ગયો છે કે જેને આપણી જીંદગીના બધા જ રાજ ખબર છે. જેના કારણે આજનો માણસ સમસ્યામા ફસાઇ શકે છે સાઇબ્રર ક્રાઇમના પણ ઘણા કિસ્સા આપણે સાંભળ્યા છે. ઘણી વખત એક ફોન ઉપર

અમુક માહિતી આપવાથી એકાઉન્ટ માંથી લાખો રૂપિયા ઉપડી જાય છે ફોન ના કારણે આજે ઘણી અંગત વાતો અંગત રહેતી નથી.

**3. વ્યસન અને માનસિક સ્વાસ્થ્ય ઉપર અસર**

વ્યસન એ પછી મોબાઈલ નું હોય તે તમાકુ નું કે બીજુ કોઇ પણ વ્યસન નામે ખરાબ જ હોય. જે શરીર તો બગાડે જ સાથે-સાથે સમય અને પૈસા પણ બગાડે ને બીજુ કે સંબંધ પણ બગાડે છે આજના માનવ માટે મોબાઇલ એક વ્યસન બની ગયુ છે જેના વિના એ થોડા પણ સમય રહી શકતો નથી, થોડા સમય માટે પણ મોબાઇલ લઇ લેવામાં આવે તો માણસ બેચેન બની જાય છે મોબાઇલ આજે માણસને એકલતા તરફ દોરી રહ્યો છે. પરિવાર કે મિત્રો સાથે વાતચિતની જગ્યાએ આજે વ્યક્તિ મોબાઇલને વધુ મહત્વ આપે છે જેનાથી તેના સંબંધો ઉપર અસર થઇ છે.

**4. અકસ્માતો**

વર્તમાન પત્રો અને સમાચારોમાં ઘણા કિસ્સા જોઇએ અને સાંભળીએ છે કે મોબાઇલના કારણે કેટલા અકસ્માતો બને છે ક્યાંક ડ્રાઈવિંગ કરતા મોબાઇલના ઉપયોગ કરવાથી અકસ્માતાના મૃત્યુ થાય છે તો ક્યાંક સેલફી કલીક કરતા કેટલા મૃત્યુના ઘાટ ઉતરે છે આજે મોબાઇલના કારણે ઘણા અકસ્માતો જોવા મળે છે.

**5. સામાજીક સંબંધો અને વર્તનમાં ફેરફારઃ-**

આજે મોબાઇલના કારણે વ્યક્તિના સંબંધો ઉપર અસર થઇ છે પહેલા વ્યક્તિ - વ્યક્તિ વચ્ચે જે વાત-ચીત, હાસ્ય, મસ્તી, મેળાપ થતો હતો આજે મોબાઇલના કારણે બંધ થયુ છે મોબાઇલના કારણે વ્યક્તિ - વ્યક્તિથી દૂર રહેવાનું પસંદ કરે છે જે જતા સમયમાં તેને એકલતા તરફ દોરે છે એક પરિવારમા પણ કુટંબના સભ્યો મોબાઇલમાં એટલા વ્યસ્ત હોય છે કે એક-બીજા સાથે વાત કરવાનું ટાળે છે જેનાથી સંબંધો ઉપર અસર થઇ છે. મોબાઇલના વધુ પડતા ઉપયોગથી માણસનો સ્વભાવ ચીડિયો થતો ગયો છે.

**6. બાળકોના શિક્ષણ ઉપર અસર અને શૈક્ષણિક નિષ્ફળતા**

માતા-પિતા પોતાના કામ માટે કે બાળકને રડતો ચૂપ કરવા માટે નાનાપણ થી જ બાળકને મોબાઇલની આદત પાડી દે છે જેની અસર બાળકના શિક્ષણ ઉપર પડે છે બાળક મોબાઇલ પાછળ એટલો ગેલો બની જાય છે કે તેને ભણવામાં રસ રેહતો નથી પરીક્ષા સમયે પણ બાળકો વાચવા-લખવાની જગ્યાએ મોબાઇલનો ઉપયોગ કરે છે જેથી શૈક્ષણિક નિષ્ફળતાનું પ્રમાણ વધ્યુ છે મોબાઇલ ફોનના દુરપયોગ થી બાળકો ગેમ તથા સોશિયલ મડિયામાં પોતાનું ભવિષ્ય ખરાબ કરી શકે છે.

7. **પૈસા અને સમયનો બગાડ**

આજની યુવાન પેઢી ને મોઘા અને નવા સ્માર્ટ ફોન ગમે છે એક-બે વર્ષ થતા પહેલા નવા ફોનની ફરમાઇસ થવા લાગે છે ઉપરાંત ફોનમાં કોલ કરવા અને ઇન્ટરનેટનો ઉપયોગ કરવા માટે પણ ખર્ચ કરવો પડે છે પરિવારના મોટા ભાગે બધા સભ્યોના અલગ ફોન હોય છે અને તેનો ખર્ચ વધી જાય છે દરેક વ્યક્તિને આજે મોબાઇલની એવી લત પડી ગઇ છે કે મોબાઇલ વિના ચાલતુ નથી પોતાનો મોટા ભાગનો સમય તે મોબાઇલને આપે છે આમ મોબાઇલ થી પૈસા અને સમય બન્નેનો બગાડ થાય છે.

માણસ માણસની સાથે વાત કરવાને બદલે યંત્ર સાથે રહીને યંત્રવત બનતો ગયો છે અને નિરાશાની ખીણમાં ધકેલાઇ જાય છે એટલા માટે કહી શકાય.

**મોબાઇલ એ રચી છે માયાજાળ,**
**આસપાસ નો ન રહે ખ્યાલ**
**સ્વજન કરતા લાગે એ વ્હાલો,**
**ઊંઘતા-જાગતા દર્શનમાં એ પેહલા,**
**ઉપયોગ કરતા વ્યસન થઇ ગયું**
**તેના વગર જીવવું મુશ્કેલ થઇ પડ્યુ.**

**ઉપસંહાર**

આજની સદીનું અમૂલ્ય ઘરેણું એટલે મોબાઈલ. જેના વિના આપણે એક મિનિટ પણ રહી શકતા નથી. ઘરમાં દરેક વ્યક્તિ પાસે સ્વતંત્ર મોબાઈલ હોય છે. મોબાઈલ ફોનની શોધે આખી દુનિયાને બદલી નાખી છે તેણે માનવ જીવનને ઘણુ સરળ બનાવ્યુ છે જેના કારણે તે આપણા જીવનનો એક ભાગ બની ગયો છે પરંતુ તેનો ઉપયોગ જો વિચારી ને કરવામાં ન આવે તો તે માનવનો સમય, પૈસા, કુટુંબ, સ્વાસ્થ્ય અને સમાજ માટે હાનિકારક સાબિત થઈ શકે છે તેથી મારુ માનવુ છે કે આપણો માબઈલનો ઉપયોગ ખૂબ જ આછો અને જરૂરિયાત પૂરતો જ કરવો જોઈએ તો જ મોબાઈલ આપણા માટે વરદાન રૂપ બની શકશે.

**સંદર્ભ સૂચિ**


1. R.K.Chatterjee : Mass Communication
2. ડૉ. રમણીક ભટ્ટી : સમૂહ પ્રત્યાયનનું સમાજશાસ્ત્ર
3. દેવ જે. કે. : સમૂહ માધ્યમો
4. https://www.abtakmedia.com
5. https://onlylbc.com
6. https://www.pdfduniya.com
7. https://www.educationalbaba.



**ડૉ. પરવીનબેન એફ. મનસૂરી**

આસિસ્ટન્ટ પ્રોફેસર

સમાજશાસ્ત્ર વિભાગ

શ્રી એન. કે. મહેતા એન્ડ શ્રીમતી એમ. એફ. દાણી આર્ટસ કોલેજ, માલવણ

Pari13587@gmail.com

Mo. 8866119707